અગ્રતાક્રમ: | ૦૭

વિભાગ: શિક્ષણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૭૯૧

# પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું સત્ર

પ્રશ્નનું શિર્ષક: રાજય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ
તથા તેમનો મત વિસ્તાર: શ્રી કેયુર નારાણદાસ રોકડીયા (સયાજીગંજ)

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૭૯૧**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા (સયાજીગંજ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા (સયાજીગંજ)**

---

**પ્રશ્ન:(૧) "સ્વચ્છતા સહાય યોજના" કયારથી અમલમાં મુકવામાં આવી? અને ફાળવવામાં આવતી રકમમાં કયારે અને કેટલો વધારો કરવામાં આવેલ છે?**

**જવાબ:**

**બાળકોને શાળા જીવનથી જ સ્વચ્છતાના ગુણોનું સિંચન થાય તેવા ઉમદા આશયથી આ યોજનાનો પ્રારંભ વર્ષ ૨૦૦૫–૨૦૦૬ થી કરવામાં આવેલ.**

- વર્ષ ૨૦૦૫–૦૬થી **ધોરણ– ૧ થી ૪ ની શાળા માટે શાળાદીઠ રૂ.૧૨૦૦/– વાર્ષિક તથા ધોરણ– ૧ થી ૭ ની શાળા માટે શાળાદીઠ રૂ.૨૪૦૦/– ની વાર્ષિક રકમ ફાળવવામાં આવતી.**
- વર્ષ ૨૦૧૦–૧૧થી શાળાદીઠ માસિક રૂ.૪૦૦/– એટલે કે વાર્ષિક રૂ.૪૮૦૦/– ની રકમ નકકી કરવામાં આવેલ હતી. એટલે કે **ચાર ગણો વધારો** કરવામાં આવેલ.
- વર્ષ ૨૦૧૫–૧૬થી શાળાદીઠ માસિક રૂ.૧૮૦૦/– એટલે કે વાર્ષિક રૂ.૨૧૬૦૦/– ની રકમ નકકી કરવામાં આવેલ હતી. એટલે કે **પાંચ ગણો વધારો** કરવામાં આવેલ.
- વર્ષ ૨૦૨૦–૨૧ થી આ રકમમાં ફેરફાર કરી વિદ્યાર્થી સંખ્યાના આધારે આ મુજબ રકમમાં ફેરફાર કરવામાં આવેલ છે.
  - ૧૦૦ સુધીની સંખ્યા ધરાવતી શાળા માટે રૂ.૧૦૦૦/– પ્રતિમાસ, ૧૨૦૦૦/– વાર્ષિક
  - ૧૦૧ થી ૩૦૦ ની સંખ્યા ધરાવતી શાળા માટે રૂ.૧૮૦૦/– પ્રતિમાસ, ૨૧૬૦૦/– વાર્ષિક
  - ૩૦૧ થી ૫૦૦ ની સંખ્યા ધરાવતી શાળા માટે રૂ.૪૦૦૦/– પ્રતિમાસ, ૪૮૦૦૦/– વાર્ષિક
  - ૫૦૧ કે તેથી વધુની સંખ્યા ધરાવતી શાળા માટે રૂ.૫૦૦૦/– પ્રતિમાસ, ૬૦૦૦૦/– વાર્ષિક

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૭૯૧**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા (સયાજીગંજ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શૈલેષભાઇ મહેતા(સોટા) (ડભોઇ)**

---

**પ્રશ્ન–૨** **શાળાઓમાં સ્વચ્છતા માટે સરકારશ્રી દ્ધારા ક્યા–ક્યા પ્રકારના પ્રયાસો હાથ ધરવામાં આવે છે?**

**જવાબ:–** બાળમાનસથી જ સ્વચ્છતાના સંકલ્પોથી શરુ કરી પોતાનું ઘર, શાળા અને ગામ સ્વચ્છ રાખવા માટે બાળકો આગ્રહી જ નહિ પરંતુ હઠાગ્રહી બને તે માટે સરકાર દ્ધારા નીચે મુજબના કાર્યો હાલમાં થઈ રહ્યા છે: જેમ કે.,

- **શાળા સ્વચ્છતા ગ્રાન્ટ**

  શાળાઓમાં બાળકોની સંખ્યાઓના આધારે પ્રતિ માસ દીઠ સ્વચ્છતા સંકુલ માટે શાળાને રૂ. ૧,૦૦૦/–(એક હજાર રૂ.) થી લઈને ૫,૦૦૦/–(પાંચ હજાર રૂ.) સુધીની ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટનો ઉપયોગ શાળા સંકુલની સ્વચ્છતા, વિદ્યાર્થીમાં સ્વચ્છતાનો અભિગમ નિર્માણ થાય તેમજ શાળા કક્ષાએ સ્વચ્છતા અંતર્ગત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ગ્રાન્ટ ખર્ચ કરવામાં આવે છે.

- **સ્કુલ કમ્પોઝીટ ગ્રાન્ટ**

  રાજ્યની દરેક શાળાઓને બાળકોની સંખ્યાના આધારે રૂ. ૧૦,૦૦૦(દસ હજાર)/ રૂ.૨૫,૦૦૦(પચ્ચીસ હજાર)/રૂ.૫૦,૦૦૦/–(પચાસ હજાર) અને એક લાખ સુધીની સ્કુલ કમ્પોઝીટ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

  આ ગ્રાન્ટની કુલ રકમના ૧૦% રકમ શાળા સ્વચ્છતા માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

- **સ્વચ્છતા કિટ**

  રાજ્ય સરકાર દ્ધારા શાળાઓમાં બાળકોની સંખ્યાનાં આધારે વ્યક્તિગત સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સુરક્ષા માટે સ્વચ્છતા કીટ ફાળવવામાં આવે છે. આ

કિટમાં લીક્વીડ હેન્ડવોશ, સાબુ, હેઈર ઓઈલ,શેમ્પુ તેમજ સેનીટાઈઝર જેવી સામગ્રી આપવામાં આવે છે. શાળાના દરેક બાળકોમાં સ્વચ્છતાનો અભિગમ જળવાઈ રહે તેવો દ્રઢ પ્રયાસ કરવામાં આવે છે.

- **બાળ સંસદ:**

શાળા કક્ષાએ બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ સમિતિ પણ બનાવવામાં આવે છે તે પૈકી બાળ સંસદ, બાળ અદાલત, સ્વચ્છતા દૂત જેવા અનેક પ્રયાસો સાથે બાળકોના જીવનઘડતરમાં સ્વચ્છતાના પાઠ શીખવવામાં આવે છે.

બાળકો મારી શાળા સ્વચ્છ શાળા વિષય સાથે બાળ સંસદ, બાળ અદાલતની પ્રવૃત્તિઓ કરે, સ્વચ્છતા દૂત કરે અન્યને પ્રેરણા આપે છે.

મારા શિક્ષકો-ગુરુજીઓ તેમજ ગામના વાલીઓ દ્વારા **"મારી શાળા મને ગમે સૌને ગમે"** તેવું વાતાવરણ નિર્માણ કરી રહ્યા છે. આજે મારા સૌ સારસ્વત બંધુઓને વંદન કરું છું. જેઓ બાળકોમાં શિક્ષણ સાથે કેળવણી, સ્વચ્છતા અને સંસ્કાર સિંચન કરી રહ્યા છે.

**સ્વચ્છતા પખવાડા:**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સૂચવ્યાનુસાર રાજ્યની તમામ શાળાઓમાં "સ્વચ્છતા પખવાડા" ઉજવવામાં આવે છે.

જેમાં શાળાઓમાં દર વર્ષે ૧ થી ૧૫ સપ્ટેંબર (૧૫ દિવસ) દરમ્યાન સ્વચ્છતા શપથ, વાલી જાગૃત્તિ બેઠક, રેલી, ચિત્ર-પોસ્ટર સ્પર્ધા, વક્તવ્ય, પત્ર લેખન, નિબંધ સ્પર્ધા, સ્લોગન, કાવ્ય લેખન જેવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

આ ૧૫ દિવસો દરમ્યાન થયેલી પ્રવૃત્તિઓમાં સહભાગી થયેલા બાળકોના પ્રયાસને સન્માનિત આવે છે.

- **સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર**

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ થી સમગ્ર ભારતવર્ષમાં "સ્વચ્છ વિદ્યાલય પુસ્કાર" આપવામાં આવે છે. આમાં રાજ્યની સરકારી, અર્ધ સરકારી તેમજ ખાનગી તમામ શાળાઓનું સ્વચ્છતા સંદર્ભે સ્વ-મૂલ્યાંકન, તાલુકા/જિલ્લા/રાજ્ય સાથે દેશ વ્યાપી મૂલ્યાંકન પ્રક્રિયા હાથ ધરવામાં આવે

છે. આમાંથી સ્વચ્છતાના માપદંડોને ધ્યાને લઈ શહેરી અને ગ્રામીણ વિસ્તારની અલગ–અલગ શાળાઓ પસંદ કરવામાં આવે છે.

પસંદ થયેલી શાળાઓને જીલ્લા અને રાજયની કમિટી દ્વારા ખરાઈ કરી તેને જિલ્લા અને રાજ્ય સ્તરના પુરસ્કાર અને ઈનામ આપવામાં આવે છે. આવી શાળાઓને દેશ સ્તરેથી પસંદ કરી તેનું પુનઃ ચકાસી ખરાઈ કરી શાળાને ગ્રેડ આપવામાં આવે છે.

આ રીતે ગ્રેડેશનમાં શ્રેષ્ઠતમ અને ઉત્કૃષ્ઠ રીતે ગુણાંકન પ્રાપ્ત થયેલ શાળાઓને રાષ્ટ્રીય કક્ષાએ પુરસ્કાર અને ઈનામથી સન્માનિત કરવામાં આવે છે.

ગત વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન રાષ્ટ્રીય કક્ષાએ **“સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર”**ના કુલ પુરસ્કાર પૈકી ૨૫ ટકા એટલે કે ચોથા ભાગના પુરસ્કાર માત્ર આપણું રાજ્ય ગુજરાતે પ્રાપ્ત કર્યા હતા.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૭૯૧**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા (સયાજીગંજ)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી યોગેશ પટેલ (માંજલપુર)**

---

**પ્રશ્ન(૩) (૧) પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા સહાયની ફાળવવામાં આવતી આ ગ્રાન્ટમાંથી કયા પ્રકારે ખર્ચ કરવામાં આવે છે? અને પ્રતિ શાળા કેટલી રકમ આપવામાં આવે છે?**

**તથા**

**(૨) રાજયમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા માટે ''સ્વચ્છતા સહાય યોજના'' હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી?**

**જવાબ:(૧)**

**પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા સહાયની ફાળવવામાં આવતી આ ગ્રાન્ટમાંથી આ પ્રમાણે ખર્ચ કરવામાં આવે છે.**

- એસીડ, ફિનાઈલ, કપૂરની ગોળીઓ, કચરા ટોપલી, સાવરણી, સાવરણો, ડોલ, સેનિટેશન સફાઈ માટે બ્રશ જેવી વિવિધ વસ્તુઓની શાળાની જરૂરીયાત મુજબ ખરીદી કરવા.

**રાજયમાં સરકારી પ્રાથમિક શાળાઓને સફાઇ માટે નીચે મુજબની શાળાદીઠ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે પ્રતિમાસ રકમ ચૂકવવામાં આવે છે.**

| ક્રમ | વિદ્યાર્થી સંખ્યા | માસિક સહાય | વાર્ષિક સહાય |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૧૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૦૦૦/- | ૧૨૦૦૦/- |
| ૨ | ૧૦૧ થી ૩૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૮૦૦/- | ૨૧૬૦૦/- |
| ૩ | ૩૦૧ થી ૫૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૪૦૦૦/- | ૪૮૦૦૦/- |
| ૪ | ૫૦૧ કે તેથી વધુ હોય તેવી શાળાઓ | ૫૦૦૦/- | ૬૦૦૦૦/- |

**જવાબ:(૨)**

**રાજ્યમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા સહાય યોજના હેઠળ સ્વચ્છતા માટેની ફાળવેલ રકમ અને સરકારી પ્રાથમિક શાળાઓની વિગતો આ મુજબ છે.**

| વર્ષ | સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૨૦૧૩ | ૬૮,૯૦,૯૯,૦૦૦/– |
| ૨૦૨૩–૨૪ | ૩૧૮૮૫ | ૫૭,૦૭,૩૧,૦૦૦/– |

**નોંધ –**

**૨૦૨૩–૨૪ માં ૨૦૨૨–૨૩ કરતાં રકમ ઓછી જણાય છે કારણ કે, ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ફાળવેલ ગ્રાન્ટ અને ખર્ચની વિગત છે. જયારે ૨૦૨૨–૨૩માં આખા વર્ષની રકમનો ઉલ્લેખ છે. હજુ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ ચાલુ હોય બે માસની રકમની ગ્રાન્ટ ફાળવવાની બાકી છે. જેથી રકમ ઓછી જણાય છે.**

# <u>પૂરક માહિતી</u>

**પ્રશ્ન: "સ્વચ્છતા સહાય યોજના" હેઠળ શાળાના બાળકો પાસે શાળાની સફાઈ કરાવવામાં આવે છે કે વેતન સાથે માણસો રાખવામાં આવે છે?**

**જવાબ:**

**"સ્વચ્છતા સહાય યોજના"** હેઠળ શાળાના બાળકો પાસે શાળાની સફાઈ કરાવવામાં આવતી નથી આ માટે સ્થાનિક કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) દ્વારા સ્થાનિક પરિસ્થિતિ અનુસાર સફાઈ કામદાર રોકીને શાળાની સફાઈ કરાવવામાં આવે છે. જેમાં શાળામાં સેનિટેશન બ્લોક, ઓરડા, શાળાનું મેદાન, પાણીની ટાંકી વિગેરેની સફાઈ કરાવવામાં આવે છે અને સ્વચ્છતા અભિયાન અનુસંધાને બાળકો પાસે સફાઈ કામગીરી કરાવવામાં આવતી હોય તે સમુહ જીવન, સ્વચ્છતાના પાયાના ગુણો વિકસાવવા અને જાગૃતિ આવે જે પ્રતિકાત્મક રીતે કરાવાય છે. બાળકો પાસે સફાઇ અંગેની મજુરી કરાવવામાં આવતી નથી. વધુમાં આવો કોઇ કિસ્સો ધ્યાને આવેલ નથી. તેમ છતાં આવો કિસ્સો ધ્યાને આવ્યેથી નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## <u>અગ્રતા ક્રમ–૦૭ ની ટૂંકી નોંધ</u>

- રાજ્યમાં કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા: <u>**૩૧૮૮૫**</u>
- રાજ્યમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા માટે છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચ <u>રૂ.૧,૨૫,૯૮,૩૦,૦૦૦/–</u>
- "સ્વચ્છતા સહાય સહાય" યોજના શરૂ કર્યાથી આજદિન સુધી રાજય સરકાર દ્વારા <u>રૂ.૬,૨૮,૨૪,૪૯,૦૦૦/–</u> (**૬૨૮.૨૪ કરોડ**) નો કુલ ખર્ચ કરવામાં આવેલ છે.

અગ્રતા ક્રમઃ (૭)
(૧) શ્રી ચૈતન્ય દેસાઇ (અકોટા)
(૨) શ્રી શૈલેષભાઇ મહેતા (સોટા) (ડભોઇ)
(૩) શ્રી યોગેશ પટેલ (માંજલપુર)